# ફેશન સ્ટેટમેન્ટ બની જેલી બેંગલ્સ અને કાશ્મીરી ઘૂંઘરૂં ચૂડી

**સ્ત્રી**ના હાથને શોભાવતું ઘરેણું એટલે ચૂડી. આમ તો જે યુવતીના લગ્ન હોય તે સોનાની બેંગલ્સ પહેરવાનું વધારે પસંદ કરે છે પણ લગ્નના બીજા ફંક્શન કે ફેસ્ટિવલ્સ સીઝનમાં યુવતીઓ ટ્રેડિશનલ ડ્રેસ સાથે આકર્ષક પેટર્નવાળી કાંચ અથવા મેટલની મેચિંગ કલરની બેંગલ્સ પહેરવાનું વધારે પસંદ કરે છે. લેડીઝની ફેવરીટ બંગડીઓમાં આજકાલ શું નવો ટ્રેન્ડ છે તે જાણીએ.....



## ફેશન સ્ટેટમેન્ટ બની જેલી બેંગલ્સ

હાલમાં જેલી બેંગલ્સ સોશ્યલ મીડિયા અને ફેશન માર્કેટમાં ઘણી ટ્રેન્ડિંગ બની છે. સુરતી ગર્લ્સ અને યુવતીઓમાં આ રંગબેરંગી અને પારદર્શી બેંગલ્સ ફેશન સ્ટેટમેન્ટ બની ગઈ છે. આ બેંગલ્સ ચંકી અને ચમકદાર હોય છે. તેની ડિમાન્ડ ફેસ્ટિવલ્સમાં તો થઈ જ રહી છે સાથે કેઝ્યુઅલી પણ તે પહેરવાનું ગર્લ્સને ગમી રહ્યું છે. તે પેસ્ટલ કલર જેમકે પિંક, ગ્રીન, યેલો અને ટર્કોઈઝ કલરમાં મળી રહી છે.

## કેન્ડી બેંગલ્સ રંગબેરંગી ટોફી કે કેન્ડી જેવી દેખાય છે



કેન્ડી બેંગલ્સ રંગીન, ચમકદાર બેંગલ્સ હોય છે, જે દેખાવમાં રંગબેરંગી ખાવાની ટોફી કે કેન્ડી જેવી આકર્ષક લાગે છે. તે કાંચ, પ્લાસ્ટિક, લાખ કે એક્રેલીકની બનેલી હોય છે. કેઝ્યુઅલ કે વેસ્ટર્ન કપડાં સાથે આ બેંગલ્સ ઘણી સ્ટાઈલિશ લાગે છે. આધુનિક ફેશનમાં તે બહુ લોકપ્રિય બની છે. મહેંદી ફંક્શનમાં આ બેંગલ્સ ટ્રેન્ડી બની છે. કાંચની ચૂડીની ફેશન ક્યારેય જુનવાણી થવાની નથી. ગ્લોસી ગ્લાસ રેઈન ડ્રોપ્સ બેંગલ્સ જાણે ચમકદાર ગ્લાસ પર પાણીના મોતી જેવા ડ્રોપ્સ વેરવામાં આવ્યા હોય તેવી ફીલિંગ્સ આપે છે.



## કાશ્મીરી બેંગલ્સ પારંપરિક ઘૂંઘરૂં અને લટકનવાળી લેયરિંગ સ્ટાઇલ માટે પોપ્યુલર

મેરેજના ફંક્શનમાં કાશ્મીરી બેંગલ્સની ડિમાન્ડ બહુ જોવા મળી રહી છે. આ બેંગલ્સ પારંપરિક ઘૂઘરૂં, પેસ્ટલ કલર્સ અને લટકનવાળી લેયર્ડ સ્ટાઇલ માટે બહુ પોપ્યુલર છે. આ બેંગલ્સના ઘૂઘરૂં જે રણકાર કરે તે ખૂબ મેલડિયસ લાગે છે. તે સ્ટાઈલિશ હોવાની સાથે વજનમાં હલ્કી અને રિઝનેબલ પ્રાઇઝમાં ઉપલબ્ધ છે. કાશ્મીરી ઘૂંઘરૂં બેંગલ્સ લગ્ન અને ફેસ્ટિવલ્સ દરમિયાન સાડી અને સલવાર સૂટ સાથે પહેરવાનું લોકપ્રિય બન્યું છે.

## મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

**'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...**




### ગરીબો કી થાલીમેં પુલાવ આયા હૈ, લગતા હૈ ચુનાવ આયા હૈ

હાથ જોડીને લોભામણી જાહેરાતો લાવ્યા છે, લાગે છે કે નેતા આવ્યા છે... ચૂંટણી થઇ છે જાહેર અને લીડરો વાંકા વળ્યા છે, જુઓ-જુઓ ખેસધારી-ટોપીધારી એસી કેબિનો છોડીને રસ્તા પર નીકળ્યા છે... પાંચ વર્ષ દેખાયા નથી અને ફરી પાંચ વર્ષ દેખાય તેમ પણ નથી, પણ વોટની ભીખ માંગી રહ્યા છે, ઉમેદવારો પોતાની સાહ્યબી માટેનું આયોજન કરી રહ્યા છે... સાથે છે ટોળાં ફોટોગ્રાફરો-વિડીયોગ્રાફરોના અને આગળ-પાછળ ફરી રહ્યા છે સમર્થકો, ચૂંટણી પતી જાય પછી તેમને નથી પડી કે મતદારો જીવો કે મરો...નથી હવે લોકો માટે લોકશાહી, હવે છે નેતાઓની ઠોકશાહી...

# ફ્રેંચ, ફિલિપાઈન્સ ડિઝર્ટ છે યમ્મી, યંગસ્ટર્સને ભાવી ગયો એનો ટેસ્ટ

**સ્વા**દપ્રિય સુરતીઓ હંમેશા અવનવા સ્વાદને ઝંખતા રહે છે. સુરતમાં હવે એક્ઝોટિક ડિઝર્ટ સ્ટ્રીટ ફૂડમાં ઉપલબ્ધ થવા લાગ્યા છે. પહેલાં તો હાઈફાઈ કાફે અને પોશ વિસ્તારની બેકરીમાં એક્ઝોટિક ડિઝર્ટ (મીઠાઈઓ) એક્સપેન્સિવ મળતા પણ હવે આવા જાપાનીઝ, બ્રિટિશ, ઈટાલિયન ડિઝર્ટ ખિસ્સાને પરવડે તેવા ભાવમાં સ્ટ્રીટ્સ પર મળવા લાગ્યા છે. આમાના કોલ્ડ ડિઝર્ટ અત્યારે ગરમીમાં વધારે પસંદ કરાતા હોય છે. સાંજ ઢળવા લાગે અને સુરતી યંગસ્ટર્સ સ્ટ્રીટ ફૂડનો સ્વાદ લેવા મિત્રો સાથે શહેરના અલગ અલગ વિસ્તારમાં જમાવટ કરવા લાગે છે. છેલ્લાં 8-10 મહિનાથી યુનિક ડિઝાઈન અને એટ્રેક્ટિવ શેપમાં મળતા અદ્ભૂત સ્વાદ ધરાવતા એક્ઝોટિક ડિઝર્ટ સુરતી યંગસ્ટર્સમાં ઘણા ટ્રેન્ડી બન્યા છે. તો આ ક્યા ડિઝર્ટ છે અને તેનો સ્વાદ GEN-Zને કેમ પસંદ આવી રહ્યો છે? તેના વિશે જાણીએ...


CREATIVE માઈન્ડ્સ

## ચોકલેટ સિલ્વાના અને ઓલિવ ઓઈલ બ્રાઉની GEN- Zને વધારે ભાવે છે



આ ચોકલેટ બેઝડ ફિલિપાઈન્સ ડિઝર્ટ છે. ફિલપાઈન્સના લોકો બ્રાઉની કરતાં ચોકલેટ સિલ્વાના ખાવાનું વધારે પસંદ કરે છે. સ્પેશ્યલી સુરતના GEN-Zને આ ડિઝર્ટ વધારે ભાવે છે. સુરતમાં તે 8 મહિના પહેલાં ઈન્ટ્રોડ્યુસ કરાયું છે. આ ક્રીમી મેલ્ટ ઈન માઉથ ડિઝર્ટ હોય. તે ફ્રોઝન ડિઝર્ટ છે એટલે ગરમીની સીઝનમાં તેનો સ્વાદ એકદમ સૂધીંગ લાગે છે. બટર એવોઈડ કરનાર સુરતીઓ ઈટાલિયન ડિઝર્ટ ઓલિવ ઓઈલ બ્રાઉની પસંદ કરે છે. આનું પ્રિપેરેશન યુનિક છે. સુરતના GEN-Z તેના ફોટા કેપ્ચર કરીને સોશિયલ મીડિયા સ્ટોરીમાં મુકવા માટે પસંદ કરે છે.







## યુઝુ લેમન માલાકોફ યુરોપિયન શૈલીની ક્રીમી મીઠાઇ છે, જેનો સ્વાદ ટેંગી લાગે

યુઝુ જાપાનીઝ ખાટું ફળ છે તે અને લીંબુ બંનેના સ્વાદને કારણે બ્રિટિશ ડિઝર્ટ યુઝુ લેમન માલાકોફ ટેંગી લાગે છે. તેનું ટેક્સચર ક્રીમી અને સોફ્ટ (મુલાયમ) લાગે છે. તેને ઠંડુ કરીને પીરસવામાં આવે છે. અત્યારે ગરમીની સીઝનમાં સુરતીઓમાં તે હોટ ફેવરિટ ડિઝર્ટ બન્યું છે. આ મીઠાઈ આધુનિક બેકિંગનો હિસ્સો છે. માલાકોફ સામાન્ય રીતે ક્રીમ, લેડીફિંગર બિસ્કિટ અથવા સ્પોન્જ કેકમાંથી બને છે.



## ફ્રેન્ચ ડિઝર્ટ સિલ્ક માર્કવિસ ટ્રાયેંગલ શેપમાં હોય અને ખૂબ મુલાયમ હોય છે

સુરતી ડિઝર્ટ પ્રેમીઓને હવે સુરતમાં અલગ અલગ દેશોના ડિઝર્ટ નો સ્વાદ સ્ટ્રીટ ફૂડમાં મળી રહ્યો છે. ફ્રેન્ચ ડિઝર્ટ સિલ્ક માર્કવિસ ખૂબ જ સોફ્ટ ક્રીમ બેઝડ ડિઝર્ટ છે. આ ફ્રેન્ચ મીઠાઈને ઘણીવાર Cat Jelly પણ કહેવામાં આવે છે. તે થોડું ક્રન્ચી અને ટ્રાયેંગલ શેપમાં હોય છે. અમેરિકન ડિઝર્ટ બીસ્કોફ ન્યૂયોર્ક ચીઝ કેકનો સ્વાદ બેલેન્સ્ડ હોય. લોટસ બીસ્કોફ બિસ્કિટના ક્રન્ચી બેઝ અને ક્રીમી ચીઝ ફિલિંગ માટે જાણીતું છે.





## જાપાની ડિઝર્ટ હમિંગબર્ડ કેકનું યુનિક રીતે પ્રેઝન્ટેશન કરાય છે

હમિંગ બર્ડ કેક ડિઝર્ટ મૂળભૂત રીતે દક્ષિણ અમેરિકાની લોકપ્રિય કેક છે. તેમાં કેળા, અનાનસ અને અખરોટનો સ્વાદ એડ કરતો હોય છે. તેને જાપાનીઝ સ્ટાઇલમાં બનાવવા માટે માચા પાઉડર કેકના લોટમાં મિક્સ કરાય છે. સુરતમાં તે ખૂબ જ યુનિક સ્ટાઈલમાં પ્રેઝન્ટ કરાય છે એટલે તેનો સ્વાદ દરેક એજગ્રુપના લોકો લેતાં હોય છે.

**શું તમે જાણો છો કે સુરતનો 'રુસ્તમપુરા' વિસ્તાર જેમના નામથી ઓળખાય છે, એ રુસ્તમજી માણેક માત્ર એક સફળ વેપારી જ નહીં, પણ અંગ્રેજો અને મોગલ શહેનશાહ ઔરંગઝેબ વચ્ચે મધ્યસ્થી કરનાર પ્રભાવશાળી વ્યક્તિત્વ હતા? જ્યારે સુરતીઓ પર 'જજીયા વેરો' નાખવામાં આવ્યો, ત્યારે કોણે પોતાની ઉદારતાથી હજારો લોકોના ઘર બચાવ્યા? ફરામ મહોલ્લા, મોટા મહોલ્લા અને નાનપુરાના નામ પાછળ છુપાયેલા રસપ્રદ કિસ્સાઓ અને એક પારસી પરિવારની સુરત પરની અમીરાતની આ ગાથા મિસ કરવા જેવી નથી!**



રૂસ્તમપરાના ફરામ મહોલ્લાની આજની તસવીર


# રૂસ્તમપરા: રૂસ્તમજી માણેક નામના સુવર્ણ અક્ષરથી લખાયેલો વિસ્તાર




રૂસ્તમજી માણેક કે જેમનાં નામથી આજે પણ સૂરતનો રૂસ્તમપરા વિસ્તાર વીતેલાં વર્ષોની યાદ લઈને ઊભો છે. આ રૂસ્તમજી માણેકનું નામ પારસી કુટુંબોમાં જાણીતું અને પુરાણું છે. પણ વર્ષોથી એ વિસ્તારમાં જ રહેતા અને ત્યાંથી પસાર થતાં આપણને એ નામ અને તેમણે સૂરત અને સૂરતના રહેવાસીઓને કરેલી મદદ અને ઉપકાર વિષે કોઈ જ જાણકારી નથી.

પારસી સમાજમાં આજની તારીખે પણ આદરપૂર્વક લેવાતું નામ "રૂસ્તમજી માણેક" એ નામીચા વેપારી અને અંગ્રેજ કોઠીના શરાફ હતા. તેઓ નવસારીના મોબેદ નેરીઓસંગ ધવલ કે જેમણે ઈ.સ. ૭૨૧માં ઉદવાડામાં આતશ બહેરામ (સરળ ભાષામાં અગિયારી) ની સ્થાપના કરી હતી, તેમના વારસદાર હતા.

રૂસ્તમજી માણેક અંગ્રેજ કોઠીના શરાફ હોવાથી, અંગ્રેજોને મોટી રકમ ધીરતા અને તેમને વેપારમાં પણ મદદ કરતા. ઈતિહાસ તપાસતા એવું માલૂમ પડે છે કે સૂરતના મોગલાઈ અમલદારો અંગ્રેજોને વેપારમાં કનડગત કરતા ત્યારે અંગ્રેજો તરફથી તેમનો પક્ષ મૂકવા અને ફરિયાદ કરવા તેઓ અંગ્રેજોના વડા સાથે શહેનશાહ ઔરંગઝેબના દરબારમાં દિલ્હી ગયા હતા અને અંગ્રેજોને વેપારમાં પડતી મુશ્કેલીઓનો ચિતાર આપ્યો હતો. આ પ્રસંગથી ઈસ્ટ ઈન્ડિયા કંપની સાથે એમનો સંબંધ ગાઢ થયો હતો. એમના




AI સર્જિત પ્રતિકાત્મક તસવીર

પ્રયત્નોથી અંગ્રેજોને કોઠી માટે જગા મળી, વેપારની જકાત માફ થઈ અને અમલદારોની સતામણી નાબૂદ થઇ.

રૂસ્તમજી માણેક માત્ર અંગ્રેજોને મદદ કરતા એટલે તેઓનું નામ સૂરતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે નથી લખાયું પણ તેઓએ જે સખાવતો સૂરત માટે કરી તેને માટે તેઓ માનનીય બન્યા હતા. તેમણે સૂરતમાં અને આસપાસના ગામોમાં વાવ, કૂવા, તળાવ, ધર્મશાળા વગેરે લોકોપયોગી કામ કરાવ્યા હતા. હજીરામાં તેમણે જે એક કૂવો બંધાવ્યો હતો તેના પર તકતી છે કે, "રૂસ્તમજી માણેકે આ કૂવો બંધાવ્યો છે. સંવત ૧૭૫૫ શ્રાવણ સુદ ૩."

**બાદશાહે બિનમુસ્લિમો પર જજીયાવેરો નંખાવ્યો ત્યારે રૂસ્તમજી હિંદુઓની વહારે ધાયા અને હિન્દુઓનો પણ હજારો રૂપિયાનો વેરો ભરી તેમને બોજ મુક્ત કર્યા હતા**

સૂરતની હિંદુ અને પારસી પ્રજા આ સખાવતી આત્માની ઋણી છે કારણ કે, સૂરતના નવાબ પર બાદશાહે ફરમાન મોકલી બિનમુસ્લિમો પર જજીયાવેરો નંખાવ્યો ત્યારે રૂસ્તમજીએ પારસીઓનો તમામ વેરો ભરી દીધો હતો. હિંદુઓ પૈકી અનેકને જેલમાં જવું પડ્યું હતું અને તેમનાં ઘરો પર પણ જપ્તી બેઠી હતી ત્યારે આ રૂસ્તમજી લોકોની વહારે ધાયા અને હિન્દુઓનો પણ હજારો રૂપિયાનો વેરો ભરી તેમને મુક્ત કર્યા હતા.

સૂરતમાં સારી શાખ ધરાવતા રૂસ્તમજીના ત્રણ દીકરા હતા : ફરામજી, બમનજી અને નવરોજજી. આ ફરામજીની યાદમાં સૂરતના રૂસ્તમપરામાં જ ફરામ મહોલ્લો આવેલો છે. પણ ત્યાં તમે કોઈ વડીલ પારસી દાદાને પૂછો તો તેઓ ફરામ મહોલ્લો નહિ કહે, તેઓ તમને એવું જ પૂછશે, "દીકરા, ફરામપરે જવું છે?" કારણ કે ફરામ મહોલ્લાનો વિસ્તાર એક જમાનામાં એક પરાં જેટલો વિશાળ હતો. હવે તમને જો એવો વિચાર આવે કે તો પછી રૂસ્તમપરામાં જ આવેલો મોટો મહોલ્લો સૌથી મોટો નહિ? તો તેનો જવાબ છે, ના. મોટા મહોલ્લાનું આખું નામ "મોટા દસ્તૂરજીનો મહોલ્લો" છે. ત્યાં આજે પર પારસીઓના દસ્તૂરજી એટલે કે પૂજારીઓના ઘર છે. આપણને સૂરતીઓને નામ ટૂંકાવવાની આદત એટલે મોટા દસ્તૂરજીમાંથી દસ્તૂરજી નીકળી ગયું અને "મોટો મહોલ્લો" શબ્દ રહી ગયો.

તેમનાં બીજા દીકરા બમનજીના નામથી આજે પણ સૂરતમાં એક શેરી આવેલી છે જે 'બમનજીની શેરી' તરીકે ઓળખાય છે. ઉપરાંત બમનજીના દીકરા નાનાભાઈના નામ પરથી જ સૂરતનું "નાનપરું" અને મુંબઈના કોટવિસ્તારમાં "નાનાભાઈ બમનજી સ્ટ્રીટ" આવેલી છે. રૂસ્તમજી શેઠના સૌથી નાના દીકરા નવરોજજીએ મુંબઈમાં કાયમી વસવાટ કર્યો. ત્યાં મઝગામ રસ્તા પર 'નવરોજજી હિલ' તેમની યાદગીરી દર્શાવે છે. આ નવરોજજીએ જ મુંબઈમાં પહેલવહેલી 'પારસી પંચાયત'ની સ્થાપના કરી હતી. કોઈ જગ્યા, કોઈ સ્થળ, કોઈ વિસ્તાર સાથે નામ જોડાઈ જાય એ માત્ર ગર્વની વાત નથી પણ એ વાતનું પ્રમાણ છે કે લોકહૈયે આ લોકોએ કેવી ચાહના મેળવી હશે કે હજારો વર્ષો પછી પણ આ વિસ્તાર, આ સ્થળ તેમનાં યાદ સાથે જોડાઈને અમર બની ગયા.

**વારસાની વરિયાળી**

નવરોજીના પુત્ર એટલે કે રૂસ્તમજીના પૌત્ર માણેકજી શેઠે પણ પોતાના પૂર્વજોની સેવા અને સખાવતની મશાલ જલતી રાખી હતી. મુંબઇના ફોર્ટ વિસ્તારમાં બજારગેટ ખાતે અગિયારીનું નિર્માણ કરાવ્યું હતું. તેમજ ઈ.સ. 1747 માં મુંબઈ અને સૂરત બંને શહેરોમાં અન્ય સખાવતી કાર્યોની સાથે દોખ્મા (ટાવર્સ ઓફ સાયલન્સ) બનાવ્યા હતા, જેને માટે આજે પણ પારસીઓ તેમને યાદ કરે છે.